# હે રામ....મંદિરોમાં ભગવાન પણ સલામત નથી..!!

## મોડાસાના ગ્રામ્ય વિસ્તારના ત્રણ મંદિર, ૪ બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા

મોડાસા, તા. ૪


તસ્કર ટોળકી ખાખી વર્દીને ખુલ્લેઆમ ચેલેન્જ આપી રહી હોય તેમ મનફાવે ત્યારે ગમે ત્યાં ચોરી કરી પોલીસની આબરૂનું ચીરહરણ કરી રહી છે. પોલીસતંત્ર સબ સલામતની ગુલબાંગો ફૂંકી રહી બીજીબાજુ તસ્કરો ગ્રામ્ય વિસ્તારના મંદિરો અને બંધ મકાનોને નિશાન બનાવતા લોકોમાં ભય ફેલાયો છે.




મોડાસાના જીતપુર, રાજપુર અને બિલાડી ઘોડા ગામે તસ્કરોએ ભગવાનનો ડર રાખ્યા વગર ત્રણ મંદિરોને નિશાન બનાવ્યા હતા અને મંદિરની દાનપેટીઓ તોડી રોકડની ચોરી કરી લઈ પલાયન થઈ ગયા હતા. સુરપુરમાં ત્રણ અને રાજપુરમાં એક બંધ મકાનમાં પણ ચોરોએ હાથફેરો કર્યો હતો. ગ્રામજનોએ મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા રાબેતા મુજબ પોલીસ કાફલો ધસી આવી પ્રાથમિક તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરી તસ્કરોને ઝડપી પાડવાની હૈયાધારણા આપી હતી.

તસ્કરો ચોરીઓ કરવા માટે કોઈ પણ તુક્કા શોધી કાઢતા હોય છે. વાહન ચોરી, ચીલ ઝડપ, લૂંટ, ઘરફોડ સહિત તસ્કરોને જાણે ભગવાનનો પણ ડર ન હોય તેમ મંદિરોને પણ છોડતા નથી. મોડાસા તાલુકાના બિલાડીઘોડા ગામે આવેલ જોગણી માતાના મંદિરમાં ત્રાટકી દાનપેટી ઉઠાવતા ગ્રામજનો જાગી જતા તસ્કરો દાનપેટી સાથે ભાગ્ય હતા. થોડે દૂર દાનપેટી નાખી દઈ પેટીમાં રહેલા ૪૫ થી ૫૦ હજાર રૂપિયા ચોરી લીધા હતા. તસ્કરોએ મંદિરમાં ચોરીનો સિલસિલો યથાવત રાખી રાજપુરમાં આવેલ પ્રસિદ્ધ રામદેવ મંદિરમાં દાનપેટીમાં રાખેલા ૫ હજારની ચોરી કરી હતી. મંદિરમાં લગાવેલ સીસીટીવી કેમેરામાં ચોરીની ઘટના કેદ થઈ હતી. રાજપુરમાં એક બંધ મકાનમાં હાથફેરો કરી તસ્કરોએ જીતપુર ગામે આવેલ મંદિરમાંથી ૫ હજારની ચોરી કરી પલાયન થયા હતા.








ચોર-લૂંટારૂ ગેંગને કોઈ ડર જ ન હોય તેમ મારડિયા પાટિયા નજીક આવેલા સુરપુર ગામમાં ત્રણ બંધ મકાનોને નિશાન બનાવી ઘરમાં રહેલા કિંમતી દાગીના અને રોકડ રકમની લૂંટ કરી ફરાર થઈ જતા એક જ રાતમાં ઘરફોડ ચોરી કરતી ગેંગે ત્રણ મંદિર અને ૪ બંધ મકાનોમાં ચોરી કરતા ગ્રામ્ય વિસ્તારના લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસતંત્રની કામગીરી સામે રોષ ભભૂકી ઉઠ્યો હતો. મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી રાજપુર મંદિરમાં લગાવેલ સીસીટીવી કેમેરામાં કેદ થયેલ ચોરીની ઘટનાને અંજામ આપનાર તસ્કરોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી હતી.

જિલ્લામાં ગામડાઓમાં પોલીસ પેટ્રોલીંગના અભાવે તસ્કરોને મોકળું મેદાન મળતું હોય સમયાંતરે ગામડાઓમાં પોલીસ રાત્રી પેટ્રોલીંગ કરે તેવી ગામલોકોમાં માંગ થઈ રહી.

## ડીસા તાલુકાના સમૌ નજીક બાઈકસવાર લૂંટાયો

### ત્રણ અજાણ્યા ઈસમોએ બાઇક આંતરી લૂંટ ચલાવી

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં તાજેતરમાં ગુનાખોરીની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે ઘરફોડ ચોરીની સાથે રસ્તે જતા રાહદારીઓ ને પણ લૂંટી લેવાની ઘટનાઓ સામાન્ય બની છે ત્યારે સમૌ નજીક લૂંટની ઘટના બનવા પામી છે.

જે અંગેની પોલીસ પ્રાપ્ત વિગતો અનુસાર પાટણના નાયતા ગામ ખાતે રહેતા અલ્પેશસિહ બળવંતસિંહ ઠાકોર સોમવારે મોડેથી પોતાના બાઈક ઉપર સગા સાથે પોતાના નાયતા ગામે જવા નીકળ્યા હતા તે દરમિયાન તેઓ સમૌ ગામ પાસેથી પસાર થતા હતા તે દરમિયાંન અચાનક ત્રણ જેટલા ઈસમો રોડ ઉપર આવી તેમનું બાઈક આંતરી તેમની પાસેના બે મોબાઈલ ફોન અને રૂપિયા ૧૫૦૦ ની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા અચાનક બનેલી ઘટના થી તેઓ ગભરાઈ ગયા હતા અને આ મામલે ડીસા તાલુકા પોલીસ મથકે આવી ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસે અલ્પેશભાઈની ફરિયાદ આધારે લૂંટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ડીસામાં ઠંડીમાં વધારો પારો ૯.૮ ડીગ્રીએ : ઠંડી હજુ વધવાની શકયતા

ડીસા

સમગ્ર રાજયમાં નલિયા બાદ બનાસકાંઠા જિલ્લાના ડીસામાં સૌથી વધુ ઠંડી પડે છે ડીસામાં અનેક વાર રેકોર્ડ બ્રેક ઠંડી અને ગરમી પડવાના આંકડા હવામાન કચેરી ખાતે નોંધાયેલા છે જેમાં ડીસામાં છેલ્લા એકાદ અઠવાડિયાથી ઠંડીમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે બુધવારે વાદળછાયા વાતાવરણમાં ઠંડીનો પારો ૯.૮ ડીગ્રીએ પહોંચી જતા આગામી દિવસો માં હજુ ઠંડી વધવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે છેલ્લા બે દિવસ વાદળછાયા વાતવરણ બાદ વાદળાં વિખેરાતાં ઠંડીમાં એકા એક



વધારો થવા પામ્યો છે અને ઠંડીનો મંગળવારે ૯.૮ ડીગ્રીએ પહોંચી ગયો હતો આ બાબતે હવામાન વિભાગ દ્વારા જણાવાયું હતું કે પહેલા ઉત્તર પૂર્વીય પવનની દિશા હતી તે એકા એક પૂર્વથી ઉત્તર તરફ થઈ જતા ઠંડીમાં એકદમ વધારો નોંધાવા પામ્યો છે.

ઉત્તર ભારતમાં બરફ વર્ષના કારણે એકા એક ઠંડા પવનો ફૂંકાવા લાગ્યા હતા જેથી લોકો ઠંડીમાં ઠુઠવાઈ ગયા હતા. એક તરફ લગ્નસરાની ફૂલ સિઝન હોઈ લગ્નો માં પણ લોકો ઠંડી થી બચવા માટે ગરમ વસ્ત્રો પહેરી મહાલતા જોવા મળ્યા હતા અને ઠંડીથી બચાવા લોકો દિવસ દરમિયાન પણ ગરમ કપડાં પહેરી બહાર નીકળવા મજબૂર બન્યા હતા તેમજ મોડી સાંજે લોકોએ તાપણું કરી ઠંડીથી રાહત મેળવી હતી.પરંતુ હવામાન વિભાગે હજુ ઠંડીનું જોર વધવાની શકયતા દર્શાવી છે. તેથી લોકોને નજીકના સમયમાં હાડ ધ્રુજવતી ઠંડીમાં રાહત મળે તેમ નથી.

## જુનાડીસા આરોગ્ય કેન્દ્રમાં મહિલાની નોર્મલ ડિલિવરી : ડોકટરની કામગીરી દીપી ઉઠી

ડીસા તાલુકાના જુનાડીસા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઉત્સાહી અને યુવા મેડિકલ ઓફિસર તરીકે ડૉ. સુલતાન સિપાઈની નિમણુંક થતા ગામ સહિત આજુ બાજુના ગામના લોકોને પણ ઘર આંગણે આરોગ્યની સેવાઓ મળવા લાગી છે. તેથી કેન્દ્રમાં દર્દીઓનો દરરોજ ભારે ઘસારો જોવા મળે છે. જેને લઈ ગરીબ અને મધ્યમ વર્ગની જનતા માટે કેન્દ્ર આશીર્વાદ રૂપ નિવડ્યું છે. તેમાં પણ સંનિષ્ઠ ડીસા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. જીજ્ઞેશ હરિયાણીના માર્ગદર્શન હેઠળ ડૉ. સુલતાન સિપાઈ લોકોને વધુને વધુ આરોગ્યની વિવિધ પ્રકારની સવલતો મળે તેવા પ્રમાણિકપણે નિષ્ઠાપૂર્વક પ્રયાસો કરે છે. તે અંતર્ગત કેન્દ્રમાં જ પ્રસૂતા મહિલાઓની ડિલિવરી પણ કરાવી રહ્યા છે. ગઈકાલે મંગળવારે ડો. સુલતાન સિપાઈ અને વાસણા સી. એચ. ઓ. સી. જે. દેસાઈએ એક પ્રસૂતા મહિલાની નોર્મલ ડિલિવરી કરાવી હતી. જેમાં માતા અને નવજાત બાળક બંને સ્વસ્થ હાલતમાં છે.






## સમૌના રખડતા પશુઓ કાંટ પાંજરાપોળ હવાલે

ડીસા સહિત તાલુકામાં છેલ્લા ઘણા સમયથી રખડતા પશુઓની સમસ્યા વિકરાળ બની ગઈ છે ત્યારે સમૌ ગામે પણ રખડતા પશુઓની રંજાડ વધી પડી હતી. ભૂરાટા બનતા રખડતા પશુઓ અવારનવાર રાહદારીઓ અને ગ્રામજનોને અડફેટે લઈ ઘાયલ કરતા હતા એટલું જ નહીં, ખેતરોમાં ઉભા પાકનો સોથ વાળી નાખતા હતા. તેથી ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. જેનાથી કંટાળેલા ગ્રામજનોએ એક થઈ રઝળતી ગાયો અને આખલાઓને પકડી કાંટ પાંજરાપોળના જીવદયા પ્રેમી ભરતભાઈ કોઠારીનો સંપર્ક કર્યો હતો અને તેમની સંમતીથી ૩૦ કી. મી. જેટલું અંતર કાપી આ પશુઓ પાંજરાપોળમાં મુક્યા હતા.

### ઠંડીનો પારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પહોચી ગયુ હતુ જેના લીધે વાતાવરણમાં ઠંડની અસર પણ ઓછી ગઈ હતી. લાંબા સમયથી ઠંડી પરેશાન નાગરિકોએ પણ હાંશકારો અનુભવ્યો હતો. પરંતુ આજે એકાએક લઘુત્તમ તાપમાન ફરી ઉંચકાતા શહેરમાં સવારથી જ કાતિલ ઠંડીની અસર વર્તાઈ હતી. સવારે ઠંડીનુ જોર વધુ રહ્યુ હતુ જયારે બપોર થતા ગરમીનો અહેસાસ પણ નગરજનોએ કર્યો હતો. સાંજ ઢળતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. સતત ઠંડીના લીધે જનજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે. જયારે જન આરોગ્ય પણ મોસમના બદલાતા મિજાજ સાથે વિશેષ પ્રભાવિ છે. નગરમાં શરદી તાવ તેમજ ગળામાં ઈન્ફેકશનના દર્દીઓ ઘરે ઘરે જોવા મળી રહ્યા છે. ઠંડીની મોસમની અસરથી જનજીવન બેચેન છે. દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી અને મૌસમ વિભાગના જણાંવ્યા મુજબ આગામી તા ૯ ફેબ્રુઆરી સુધી લઘુત્તમ તાપમાન ૧૧ થી ૧૩ ડીગ્રી વચ્ચે રહેવાની સંભાવના છે. જયારે મહત્તમ તાપમાન પણ ૨૮ થી ૨૯ ડીગ્રી રહેશે. આ ઉપરાંત પવનની ગતિ પણ વધશે પ્રતિકલાક ૧૦ થી ૧૭ કીમી ની ઝડપે પવન ફુંકાશે જેના લીધે ઠંડીનો અહેસાસ અસહ્ય બનશે.

### શૈક્ષણિક સત્ર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેટલા સમયના શૈક્ષણિક કાર્ય પછી જ ઉનાળુ વેકેશન શરૂ થાય છે. તે જ પદ્ધતિ રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર શિક્ષણ બોર્ડ સાથે સંલગ્ન તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં પણ લાગુ કરવા માટે કેટલાક સમયથી શિક્ષણ વિભાગ દ્વારા વિચારણા હાથ ધરવામાં આવેલ હતી. આ વિચારણાને અંતે આ નિર્ણય લેવાયો છે. આ માટે શિક્ષક સંઘો, શાળા સંચાલકો તેમજ શિક્ષણ વિદો સાથે પણ ચર્ચા કરવામાં આવી હતી.

### કડક સુચના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારે આર ટી ઓ વહીવટ પણ પારદર્શક થવાની સાથે કામગીરી પણ ઝડપી બનશે તેમ પણ મનાઈ રહ્યુ છે. બીજીતરફ આજે આર ટી ઓ કચેરીમાં અલગ જ માહોલ જોવા મળ્યો હતો. કચેરીના સંકુલમાં વિશેષ કોઈ ધમધમાટ ન હતો જયારે વાહનો માટેના પાર્કીંગમાં પણ ખાલી જગ્યા હતી. જો કે આર ટી ઓ કચેરી બહાર વાહનો પાર્ક થેયલા જોવા મળ્યા હતા જયારે દબાણો પણ યથાવત હતા.

### દબાણોની ગિરફ્તમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પરંતુ બે દિવસના અંતે ઝુંબેશ આટોપી લેવાતા દબાણો દુર કરવાની કામગીરી સામે સવાલો મંડરાયા છે. શહેર તેમજ આસપાસના રસ્તાઓ પર હરિયાળા વૃક્ષો પરથી ખિલ્લા દુર કરવા માટે વનતંત્રએ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેના લીધે તંત્ર માટે હાલ દબાણો દુર કરવા માટે પુરતો સ્ટાફ પણ નથી જયારે બીજીતરફ દબાણોની સમસ્યા વકરતી જાય છે. એસ ટી ડેપોની પાછળના ભાગમાં સ્થિત જાડીમાં પણ દબાણો વધી રહ્યા છે. આંતરિક સર્વિસ રોડને અડીને જ લોજ શરૂ થઈ ગઈ છે. જયારે આ સિવાય પણ આ વિસ્તારમાં દબાણોની ભરમાર જોવા મળે છે. આવા સંજોગોમાં દબાણો દુર કરવા માટે ત્વિરિત કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

### ભાજપને પડકાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે ઉમેર્યુ હતું કે, લોકશાહીમાં ચર્ચા ખુબ જરૂરી છે. એએપીના વડાએ આના માટે ભાજપને બુધવારે બપોર સુધીનો સમય આપ્યો હતો. કેજરીવાલે કહ્યું હતું કે, લોકોને આ અઁગેની માહિતી હોવી જોઈએ કે જો ભાજપ સત્તામાં આવે છે તો તેના મુખ્યમંત્રી કોણ રહેશે. જો ભાજપે દિલ્હી માટે કોઈ બિનશિક્ષિત મુખ્યમંત્રી નિમી દેશે તો દિલ્હીની પ્રજા સાથે વિશ્વાસઘાત તરીકે રહેશે. કેજરીવાલે કહ્યું હતું કે, તેઓ પોતાના નામ ઉપર મત માંગી રહ્યા છે. એએપીને મળનાર દરેક વોટ કેજરીવાલને જશે. કેજરીવાલે આક્ષેપ કરતા કહ્યું હતું કે, ભાજપને આપવામાં આવેલા મત કોને જશે તે અંગેની માહિતી મતદારોને રહે તે ખુબ જરૂરી છે. પ્રજા પણ આ અંગે માહિતી મેળવવા ઈચ્છુક છે. કેજરીવાલે કહ્યું હતું કે, દિલ્હીના વિકાસ માટે તેમની સરકાર બનતા તમામ પ્રયાસમાં વર્ષોથી લાગેલી છે.

## રાજુલાની પાસે પાંચ વર્ષના બાળકનો સિંહ દ્વારા શિકાર

### ઉંચેયા-ભચાદર ગામ વચ્ચે ઝુપડામાં રાત્રે માતાની હોડમાં સૂતેલા બાળકને સિંહણે ઢસડી જઇ ફાડી ખાતા સનસનાટી

અમદાવાદ,તા.૪

અમરેલી રાજુલા તાલુકાના ઉંચેયા-ભચાદર ગામ વચ્ચે મોડી રાત્રે ઝુંપડામાં માતાની સોડમાં સૂતેલા પાંચ વર્ષના બાળકને મોડીરાત્રે સિંહણે બોચીથી પકડી દૂર સુધી ઢસડી ગયા બાદ તેને ફાડી ખાતાં બાળકનું કરૂણ મોત નીપજયુ હતું. આ બનાવને લઇ સમગ્ર પંથકમાં ભારે ચકચાર અને અરેરાટી મચી ગઇ હતી. ખાસ કરીને સ્થાનિક ગ્રામજનોમાં સિંહણ દ્વારા માસૂમ બાળકના કરાયેલા શિકાર બાદ ફફડાટની લાગણી ફેલાઇ ગઇ હતી. બનાવ બાદ સ્થાનિક વનવિભાગ પણ હરકતમાં આવ્યું હતું અને સિંહણને પાંજરે પૂરવાના ચક્રો ગતિમાન કર્યા હતા. આ બનાવને લઇ મૃતક બાળકના કાકા રમેશભાઇએ જણાવ્યું હતું કે, રાતે મારો ભાઇ અને ભાભી સૂતા હતા ત્યારે મારો ભત્રીજો પણ સાથે સુતો હતો. તેની માતાની સોડમાં સૂતેલા મારા ભત્રીજાને સિંહણ ઉઠાવી ગઇ હતી.

બાદમાં બાળકના રડવાનો અવાજ આવતા જ અમે પરિવારજનો જાગી જતા પાછળ દોડ્યા હતા. સિંહણ સાથે તેનું બચ્ચુ પણ હતું. રાત્રે સાડા ત્રણ વાગે અમને સિંહબાળ મળ્યું હતું પણ સિંહણ મળી નહોતી. બાળકનો મૃતદેહ અમારા ઝુંપડાથી દૂર મળી આવ્યો હતો. સિંહણની સાથે સિંહબાળ હોવાની વાતને લઇ સ્થાનિક વનવિભાગના અધિકારીઓ પણ દોડતા થયા છે. બીજીબાજુ, પોલીસે બાળકના મૃતદેહને પીએમ મોટી મોકલી આપ્યો હતો તો, વનવિભાગ અને સ્થાનિક તંત્ર દ્વારા સિંહણ અને સિંહબાળની તપાસ કરી તેઓને સત્વરે પાંજરે પૂરાય તે માટેના ચક્રો ગતિમાન કર્યા છે. જો કે, આ બનાવને લઇ સ્થાનિક ગ્રામજનોમાં ભારે ફફડાટની લાગણી ફેલાઇ ગઇ હતી.

### લાગૂ નહિ કરાય

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉલ્લેખ હાલમાં નથી. અલબત્ત સાત મહિના પહેલાથી જ તેઓએ આ જાહેરાત કરી હતી કે, ડેટાબેઝ માટે દરેક ભારતીયના સંદર્ભમાં પ્રાથમિકતાના આધારે માહિતી માંગવામાં આવી રહી છે. નવી લોકસભાની રચના બાદ ૨૦મી જૂન ૨૦૧૯ના દિવસે રામનાથ કોવિંદે કહ્યુ હતું કે, ગેરકાયદે ઘુસણખોરો ભારતની આંતરિક સુરક્ષા માટે ખતરારુપ છે. આનાથી દેશના અનેક વિસ્તારોમાં સામાજિક અસંતુલન ખોરવાઈ રહ્યું છે. સાથે સાથે આજીવિકાની મર્યાદિત તકો ઉપર પણ ખુબ દબાણની સ્થિતિ છે. એનઆરસીને ઘુસણખોરોથી ગ્રસ્ત વિસ્તારોમાં પ્રાથમિકતાના આધાર પર લાગૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દેશભરમાં એનઆરસી અને સીએએને લઈને વિરોધ પ્રદર્શન જારી છે. સંસદે ૨૦૧૯માં સીએએને લઈને કાનૂન બનાવ્યું હતું. પ્રદર્શન બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે ૨૨મી ડિસેમ્બર ૨૦૧૯ના દિવસે એનઆરસીને લઈને તમામ શંકાઓ દૂર કરી હતી. તે વખતે તેમણે કહ્યું હતું કે, ૨૦૧૪માં પ્રથમ વખત તેમની સરકાર સત્તામાં આવ્યા બાદથી ક્યારે પણ આના ઉપર હજુ સુધી ચર્ચા થઇ નથી.

### ઉછાળો

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને રિવકરી જોવા મળી હતી. આજે કારોબાર શરૂ થયા બાદથી જ મોટાભાગના શેરોમાં લેવાલી જામી હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, એચડીએફસી, એચડીએફસી બેંક, આઈટીસી જેવા હેવીવેઈટ શેરમાં લેવાલીનો માહોલ રહ્યો હતો. આઈટીસી, બજાજ ફાઈનાન્સ અને ટાટા સ્ટીલમાં પણ મોટો ઉછાળો રહ્યો હતો. શેરબજારમાં તેજી માટે અનેક પરિબળો આજે જવાબદાર રહ્યા હતા. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો મિડિયા ઈન્ડેક્સ સિવાય તમામમાં તેજી રહી હતી. નિફ્ટી મિડિયા ઈન્ડેક્સમાં ૦.૯ ટકાનો ઘટાડો રહ્યો હતો. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સમાં એક ટકાથી વધુનો ઉછાળો અને નિફ્ટી સ્મોલકેપમાં બે ટકાથી વધુનો ઉછાળો રહેતા તેની સપાટી ૨૯૭૮ રહી હતી. વૈશ્વિક બજારોમાં પણ આજે તેજી રહી હતી. કોમોડિટીના ક્ષેત્રમાં બજારમાં રિકવરી જોવા મળી હતી. કંપનીઓના પરિણામો હાલમાં જાહેર કરવામાં આવી રહ્યા છે જેના ભાગરુપે સિપ્લાના પરિણામ બુધવારના દિવસે જાહેર કરાશે. હિરોમોટો, લ્યુપિન અને સનફાર્માના પરિણામ ગુરુવારના દિવસે જ્યારે એસીસી, ઈન્ડિયા સિમેન્ટ અને એનટીપીસીના પરિણામ શુક્રવારે તેમજ એમએન્ડએમના પરિણામ શનિવારના દિવસે જાહેર કરાશે.કોરોના વાયરસને લઈને દહેશત વિશ્વભરમાં દેખાઈ રહી છે તેની અસર ભારત ઉપર પણ થઈ છે. ચીનમાં આંકડો મોતનો ૪૩૦થી ઉપર પહોંચી ચુક્યો છે. જાણકાર લોકોનું કહેવું છે કે, માઈક્રો નંબર પણ આ સપ્તાહમાં જારી કરવામાં આવનાર છે. અત્રે નોંધનીય છે કે શનિવારના દિવસે સ્પેશિયલ ટ્રેડિંગ સેશનમાં સેંસેક્સે ૯૮૮ પોઈન્ટ ગુમાવી દીધા હતા જ્યારે નિફ્ટીએ ૩૦૦ પોઈન્ટ ગુમાવી દીધા હતા. ગઈકાલે સોમવારના દિવસે કારોબારના અંતે સેંસેક્સ ૧૩૭ પોઈન્ટ અથવા તો ૦.૩૪ ટકા સુધરીને ૩૯૮૭૨ની સપાટી પર રહ્યો હતો.

## મારો પતિ સિંહ છે અને જેલથી ડરતો જ નથી : હાર્દિકની પત્નિ

### રાજ્યમાં હાર્દિક કૉંગ્રેસને મજબૂત કરવાનું કામ કરી રહ્યો હોવાથી હાર્દિક પર ખોટા કેસ થઇ રહ્યા છે : કિંજલ પટેલ

પાટીદાર અનામત આંદોલનના આગેવાન અને કૉંગ્રેસના નેતા હાર્દિક પટેલની સતત અલગ અલગ કેસમાં ધરપકડનો સિલસિલો ચાલુ રહેતા અકળાયેલી હાર્દિક પટેલની પત્ની કિંજલ પટેલે ટ્વિટર દ્વારા ભાજપ સરકારની નીતિ સામે આક્રોશ વ્યકત કરતાં રાજકારણ ગરમાયું છે. ટવીટમાં તેણીએ હાર્દિક પટેલને સિંહ ગણાવ્યો છે અને ભાજપ સરકાર પર ગંભીર આરોપો લગાવ્યા છે. કિંજલ પટેલે ટ્વિટ કર્યુ છે કે, તેનો પતિ હાર્દિક સિંહ છે તે, તે કોઈ ધરપકડથી કે જેલથી ડરતો નથી અને આજે કેદ છે કારણ કે તેની ત્રાડથી રાજનીતિ ડરેલી છે. એક બીજા ટ્વિટમાં કિંજલ પટેલે લખ્યુ કે, ગુજરાતમાં હાર્દિક કૉંગ્રેસને મજબૂત કરવાનું કામ કરી રહ્યો હોવાથી ભાજપ સરકાર હાર્દિક પર ખોટા કેસ કરી રહી છે અને વારંવાર તેની ધરપકડ કરવામાં આવી રહી છે. ગુજરાતમાં ભાજપને માત્ર હાર્દિકથી તકલીફ છે. તા.૧૮ જાન્યુઆરીની રાત્રે રાજદ્રોહ કેસમાં કોર્ટમાં ગેરહાજર રહી કાનૂની કાર્યવાહીને જાણી જોઈને વિલંબમાં નાખી મુદતમાં હાજર નહી રહેતા હાર્દિક પટેલ સામે એડિ.સેશન્સ જજ બી.જે.ગણાત્રાએ ધરપકડ વોરંટ કાઢ્યું હતું. ત્યારબાદ તેની વિરમગામ પાસેથી ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ રાજદ્રોહના કેસમાં શરતી જામીન મળતા જ હાર્દિક જેલ બહાર આવ્યો હતો. પરંતુ જેલ બહાર આવતા માણસા પોલીસે જાહેરનામાનો ભંગ કરી સભા સંબોધવા બદલ હાર્દિક પટેલની ધરપકડ કરી હતી. માણસા કોર્ટમાંથી જામીન મળતા જ હાર્દિક પટેલની સિદ્ધપુર પોલીસે વર્ષ ૨૦૧૭માં ચૂંટણીમાં મંજૂરી વિના સભા કરતા તેની ધરપકડ કરી હતી. ત્યારબાદ તેને જામીન પર છોડવામાં આવ્યો હતો. સિદ્ધપુર કેસમાં જામીન પર છૂટ્યા બાદ હાર્દિક પટેલ સામે વર્ષ ૨૦૧૫માં જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ પર નોંધાયેલા રાયોટિંગ કેસમાં તેની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટના એડિશનલ જજ ઉનડકટે નામંજૂર કરી હતી. જેને પગલે હાર્દિક હાલ ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. આમ, એક પછી એક કેસમાં હાર્દિકની ધરપકડને લઈ કૉંગ્રેસની સાથે સાથે ખુદ પાટીદાર સમાજમાં ભારોભાર નારાજગી પ્રવર્તી રહી છે ત્યારે હાર્દિકની પત્ની કિંજલ પટેલનો આક્રોશ સામે આવતાં રાજકારણ ગરમાયું હતું.

### જીત

● અનુસંધાન પહેલાનું ચાલુ

રવિ બિશ્નોઈએ પણ બે વિકેટ ઝડપી હતી. ભારતના તમામ બોલરોની બોલિંગ લાઈનલેન્થ સાથે રહી હતી. બીજી બાજુ જીતવા માટેના લક્ષ્યાંકનો પીછો કરતા ભારત તરફથી જયસ્વાલ અને સક્સેના છવાયેલા રહ્યા હતા અને પાકિસ્તાનના કોઈ બોલરોને ખુશ થવાની કોઈ તક આપી ન હતી. જયસ્વાલ ૧૦૫ રન કરીને અણનમ રહ્યો હતો જેમાં ચાર છગ્ગા અને આઠ ચોગ્ગાનો સમાવેશ થાય છે. તમામ બેટ્સમેનો હજુ બાકી હોવા છતાં બંને બેટ્સમેનોએ પાકિસ્તાનને કોઈ તક આપી ન હતી અને વિના

વિકેટે ૧૭૬ રન બનાવી લીધા હતા. હેડ ટુ હેડની વાત કરવામાં આવે તો ચાર વખતના ચેમ્પિયન ભારતે સતત ત્રીજી વખત વર્લ્ડકપની સેમિફાઈનલમાં કુચ કરીને નવો રેકોર્ડ કર્યો હતો. પાકિસ્તાન સામે આજે રમાયેલી આ મેચમાં ભારતીય ટીમે જોરદાર દેખાવ કર્યો હતો.

### દિશા આપનારી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્યારે પણ રોકવામાં આવશે નહીં. કેટલા પણ રાજકીય વિરોધ હોય પરંતુ ગરીબોની ભલાઈવાળી યોજનાઓને રોકવી જોઈએ નહીં. છેલ્લા પાંચ વર્ષથી દિલ્હીમાં ગરીબો સાથે સંબંધિત યોજનાઓને રોકવામાં આવી રહી છે. કેન્દ્રની યોજનાઓને લાગૂ કરતા પહેલા અહીં ઈન્કાર કરી દેવામાં આવે છે. દિલ્હીના ગરીબ લોકોને આયુષ્યમાન ભારત યોજનાઓના લાભ મળી રહ્યા નથી. આ મુદ્દો પાંચ લાખનો નથી. જો દિલ્હીમાં કોઈ નાગરિકને આ યોજનાનો લાભ મળે છે તો તે ગ્વાલિયર, ભોપાલ, સુરત, નાગપુર, હૈદરાબાદ કેમ ગયા છે. આયુષ્યમાન ભારત યોજના દિલ્હીમાં અમલી બની હોત તો દિલ્હીના કોઈ લાભાર્થીને બહાર જવાની જરૂર પડી ન હોત. દિલ્હીમાં વડાપ્રધાન આવાસ યોજનામાં પણ ઘર મળી રહ્યા નથી. ખેડૂતોને કિસાન સ્કીમનો લાભ મળી રહ્યો નથી. છેલ્લા પાંચ વર્ષમાં કેન્દ્ર સરકારે જે ગતિથી કામ કર્યુ છે તે અભૂતપૂર્વ છે. સ્વતંત્રતા બાદ દેશમાં આટલી ઝડપથી ક્યારે કામ થયું નથી. આયુષ્યમાન ભારત યોજના જેટલા લોકોને મફત સારવાર આપે છે તે અમેરિકા અને કેનેડાની કુલ વસ્તી બરોબર છે. દિલ્હીને પણ એવી સરકારની જરૂર છે જે દેશની તરફેણમાં મોટા નિર્ણય કરી શકે.